Jigar Publicity
Industrial Directory Publisher
Laghu Udhyog Bharati (Bharuch District), Jhagadia, Dahej, Panoli, Nandesari (Padra), Saykha, Vilayat, Dahej & Narmadanagar
www.jigarpublicity.com
jigarpublicity@gmail.com |+91 9998980519

# બર્ડ વ્યૂ ઓફ ઈન્ડસ્ટ્રીઝ
# BIRD VIEW OF INDUSTRIES

તંત્રી : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ
EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
(ગુજરાતી પાક્ષિક વર્તમાનપત્ર)
(Gujarati Fortnightly Newspaper)
■ VOLUME : 17 ■ ISSUE : 10 ■ DATE: 16- 8 -2025 ■ PAGES : 4 ■ Retail Price Rs: 3/- RNI NO: GUJGUJ/2009/28249
OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR-2, DIST: BHARUCH (9998980519)
• www.birdviewofindustries.com • Email: birdviewofindustries@gmail.com • Post Reg. No: G2/RNP/BCH/126/2024-2026

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભરૂચના જંબુસરમાં નિર્માણાધિન બલ્ક ડ્રગ પાર્કની કામગીરીની પ્રગતિનું નિરીક્ષણ કર્યું





**ભરૂચ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 4 ઓગસ્ટે ભરૂચ જિલ્લાના જંબુસરમાં ૮૧૫ હેક્ટર(૨૦૧૫ એકર)વિસ્તારમાં નિર્માણ પામી રહેલા બલ્ક ડ્રગ પાર્કની સ્થળ મુલાકાત લઈને ત્યાં થઈ રહેલી વિવિધ નિર્માણ કામગીરીની પ્રગતિનું નિરીક્ષણ કર્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે ૨૦૨૦માં જાહેર કરેલી બલ્ક ડ્રગ પાર્ક પોલિસી અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા આ બલ્ક ડ્રગ પાર્ક આધુનિક ઈન્ટ્રાસ્ટ્રક્ચર સાથે દવાઓના ઉત્પાદનમાં આત્મનિર્ભરતા વધારવાના હેતુસર GIDC દ્વારા જંબુસરમાં નિર્માણ થઈ રહ્યો છે. મુખ્યમંત્રીએ બલ્ક ડ્રગ પાર્કની મૂલાકાત લીધી હતી. તેમણે બલ્ક ડ્રગ પાર્કમાં વૃક્ષારોપણ પણ કર્યુ હતું.

બલ્ક ડ્રગ પાર્કને મુખ્ય માર્ગ-રસ્તાને જોડતી કનેક્ટિવિટી માટે એપ્રોચ રોડ, કમ્પાઉન્ડ વોલ, ઈન્ટરનલ રોડ તથા પ્રી-કાસ્ટ વરસાદી પાણીની ગટર, ઈન્ટરનલ પાણી પુરવઠા વ્યવસ્થા અને એફ્લ્યુઅન્ટ ડિસ્પોઝલ સહિતની ચાલી રહેલી કામગીરી વિશે મુખ્યમંત્રીએ માહિતી મેળવીને જરૂરી સૂચનો કર્યા હતા. આ કોમન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધા અને અન્ય સુવિધાઓનો વિકાસ રૂપિયા ૫૫૦ કરોડના ખર્ચ થઈ રહ્યા છે.

આ સમગ્ર પ્રોજેક્ટ અંદાજે રૂપિયા ૩૯૨૦ કરોડના ખર્ચે આકાર પામશે અને સંભવત: માર્ચ-૨૦૨૭ સુધીમાં પૂર્ણ થઈ જશે.

મુખ્યમંત્રી સાથે આ મૂલાકાત વેળાએ ધારાસભ્ય ડી.કે. સ્વામી, જી.આઈ.ડી.સી.ના મેનેજીંગ ડિરેક્ટર પ્રવિણા ડી. કે., ભરૂચ જિલ્લા કલેક્ટર ગૌરાંગ મકવાણા, જી.આઈ.ડી.સી.ના ચીફ ઈજનેર મેણાત અને અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મુખ્યમંત્રીએ અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસો.ની શુભેચ્છા મુલાકાત લીધી




**અંકલેશ્વર**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ભરૂચ જિલ્લાની મુલાકાતે આવ્યા તે સમયે તેઓએ અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનની શુભેચ્છા મુલાકાત પણ લીધી હતી. અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનની મુલાકાત લેનાર તેઓ પ્રથમ મુખ્યમંત્રી છે.

તેમને એસોસિએશનના પદાધિકારીઓ સાથે વિચાર વિમર્શ કર્યો હતો અને તેમને ઈન્ડસ્ટ્રીઝના પ્રશ્નોના નિરાકરણ માટે હંમેશા તત્પર હોવાનું જણાવ્યું હતું.. આ સાથે તેમણે નવા બની રહેલ ટ્રાન્સપોર્ટનગરની મુલાકાત લીધી હતી.

## અંકલેશ્વર માં નીકળેલી યાત્રામાં મોટી સંખ્યામાં નગરજનો જોડાયા



**અંકલેશ્વર**

અંકલેશ્વર નગર પાલિકાએ સ્વતંત્રતા દિવસની પૂર્વ સંધ્યાએ શહેરમાં તિરંગા યાત્રાનું આયોજન કર્યું. યાત્રામાં ભરૂચ જિલ્લા ભાજપ પ્રમુખ પ્રકાશ મોદી ઉપસ્થિત રહ્યા હતા.

અંકલેશ્વર મામલતદાર કરણસિંહ રાજપૂત પણ કાર્યક્રમમાં જોડાયા હતા. નગર પાલિકા પ્રમુખ લલિતાબેન રાજપુરોહિત અને કારોબારી ચેરમેન નિલેશ પટેલે યાત્રાનું નેતૃત્વ કર્યું. ચીફ ઓફિસર કેસવલ કોલડીયા સહિત નગર પાલિકાના સભ્યો હાજર રહ્યા.

યાત્રામાં ભાજપના હોદ્દેદારો અને આગેવાનો ઉપરાંત પોલીસ અધિકારીઓ અને જવાનો જોડાયા. શહેરની વિવિધ શાળાના વિદ્યાર્થીઓ અને નગર પાલિકાના કર્મચારીઓએ પણ યાત્રામાં ભાગ લીધો. સહભાગીઓએ હાથમાં તિરંગો લઈને દેશભક્તિના નારા લગાવ્યા. યાત્રાના માર્ગ પર દેશપ્રેમનો ઉત્સાહ જોવા મળ્યો. તિરંગા યાત્રાએ શહેરમાં દેશભક્તિનો માહોલ સર્જ્યો હતો.

## CM ભૂપેન્દ્ર પટેલે ભરૂચના અંકલેશ્વરમાં નિર્માણાધિન ટ્રાન્સપોર્ટનગરની કામગીરીની પ્રગતિનું નિરીક્ષણ કર્યું





**અંકલેશ્વર**

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભરૂચના અંકલેશ્વર જી.આઈ.ડી.સી ખાતે ૫૦૦૦૦ ચોરસમીટરમાં રૂપિયા ૩૨ કરોડના ખર્ચે નિર્માણાધિન ટ્રાન્સપોર્ટનગરની મુલાકાત લઈને ત્યાં થઈ રહેલી કામગીરીની પ્રગતિનું નિરીક્ષણ કર્યું હતું.

મુખ્યમંત્રીએ જિલ્લાઓની તેમની મુલાકાત દરમિયાન જે તે જિલ્લામાં નિર્માણાધિન મહત્વના પ્રોજેકટસની કામગીરીના નિરીક્ષણનો જે ઉપક્રમ હાથ ધર્યો છે. જે અંતર્ગત આ ટ્રાન્સપોર્ટનગરની મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રીએ ટ્રાન્સપોર્ટ નગરની મુલાકાત દરમિયાન જે કોમન ઈન્ફ્રાસ્ટ્રકચર સુવિધાઓ ઉભી કરવામાં આવી રહી તેની પ્રગતિનું સ્થળ નિરીક્ષણ કર્યું હતું.

અંકલેશ્વર ઔધોગિક વસાહતના થયેલ અભુતપુર્વે વિકાસના પરીણામે ઉધોગો માટે અસંખ્ય તકોનું નિર્માણ થયેલ છે. આ તકોના સર્જનના પાયામાં ભારે વાહનો ઉપયોગ આર્શીવાદરુપ બની રહે તે બાબતને સાર્થક કરવા અને જીઆઇડીસી અંકલેશ્વર વસાહતની ટ્રાફીક સમસ્યાને ઉકેલવા અર્થે રાજ્ય રકારના માર્ગદર્શન અને સહકારથી જીઆઇડીસી દ્વારા અંકલેશ્વર ખાતે પ્લોટ નં.૩૦૦૨/સી, ૫૦૦૦૦.૦૦ ચો.મીમાં ટ્રાંસપોર્ટ ઝોન /પાર્કીંગ ઝોન વિકસાવવાની કામગીરી હાથ ધરેલ છે. જે સાથે અન્ય આનુસાંગીક સેવાઓ એટલે કે પેટ્રોલ પંપ, ગેરેજ, વિશ્રામગ્રુહ વાણીજ્યક પ્રવૃતિઓઓનું આયોજન અંગેની મુખ્યમંત્રીને સંબંધિતો દ્વારા વિગતે જાણકારી આપવામાં આવી હતી.

આ ટ્રાન્સપોર્ટ ઝોન કુલ ૫૧૦ જેટલા નાના મોટા વાહનોને પાર્કીંગની સુવિધા પુરી પાડવા માટે સક્ષમ છે, તેમજ ઉધોગોના તૈયાર કાચા માલ સામાનના સંગ્રહ અર્થે ૧૩ મીટર ઉંચાઇ વાળા કુલ ૩૧૨૫ ચો.મીના વેરહાઉસનું પણ નિર્માણ હાલ પ્રગતિમાં જેનું મુખ્યમંત્રીશ્રી સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

જીઆઇડીસી દ્વારા આ ૩૨ કરોડ ની લાગતથી તૈયાર કરવામાં આવેલ ટ્રાંસપોર્ટ ઝોનથી જીઆઇડીસી અંકલેશ્વર જ નહીં અન્ય રસ્તાઓ પર થતા ટ્રાફિક જામથી પણ જનતાને છુટકારો મળશે. મુખ્યમંત્રીશ્રીની આ મુલાકાત દરમિયાન તેમની સાથે જિલ્લા પંચાયત પ્રમુખ મહેન્દ્રસિંહ વાંસદિયા,ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલ, રમેશભાઈ મિસ્ત્રી, ડિ.કે. સ્વામી, અરૂણસિંહ રણા, રિતેષ વસાવા, જિલ્લા કલેકટર ગૌરાંગ મકવાણા, જિલ્લા વિકાસ અધિકારી યોગેશ કાપસે, જી.આઇ.ડી.સીના અધિકારીઓ અને સંબંધકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

With Best Compliments on 79th Independence Day
15th AUGUST
HAPPY INDEPENDENCE DAY
zydus Dedicated To Life
Zydus Lifesciences Limited
Plot No: 26 to 31, Dabhasa Umaraya Road, Village: Dabhasa, Ta: Padra, Dist: Vadodara

With Best Compliments on 79th Independence Day
Silox INDIA
SILOX India Pvt. Ltd.
Kalali Road, Atladara, Dist: Vadodara

Ganpatbhai +91 98258 21461
chiragsteel.ankleshwar@gmail.com
CHIRAG STEEL
M.S. PLATE, PROFILE CUTTING & S.S. TO M.S. STEEL TRADING
Plot No: 270, Shreeji Ice Factory, Near G. Dalabhai, GIDC,
Ankleshwar - 393 002, Dist: Bharuch (Gujarat) INDIA

JESTAR INSTRUMENT ENGINEERS
+91 9426129718
+91 9428588901
• All Flow Measurement Solution: For Liquid, GAS, AIR, SLURRY Etc.
• Level Measurement Solution: For Clear Liquid and With Vapor & Foams
• PH, ORP and TDS (Conductivity) Measurement Gas Detection System
• All Types of INSTRUMENTATION Suppliers and Instrumentation Designing, Consulting & Installtion Work
Authorised Dealers for: PHOENIX CONTACT, BROIL, BROTEK, BELA INSTRUMENTS, YTC, SENSEWELL
starankleshwar@gmail.com | sie_ank@yahoo.com
B/G-5, Sardar Patel Complex, GIDC, Ankleshwar, Gujarat 393002

# અંકલેશ્વર એસ્ટેટ અને આસપાસના વિસ્તારોમાં યોગ માટેનું લોકોનું આકર્ષણ વધી રહ્યું છે

**અંકલેશ્વર**

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા કાર્યરત યોગના પ્રચાર પ્રસાર માટેની ઝુમ્બેશ સમગ્ર રાજ્યમાં અકલ્પનીય પ્રગતિ સાથે આગળ વધી રહી છે. અંકલેશ્વર જીઆઈડીસીમાં યોગના વર્ગ ખૂબ સારા પ્રમાણમાં ચાલી રહ્યા છે. તેની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. અંકલેશ્વર નોટીફાઈડમાં વસ્તીના પ્રમાણમાં જેટલા ક્લાસ ચાલી રહ્યા છે તે ઉત્સાહ વધારે તેવા છે. વધારેમાં વધારે લોકો યોગ સાથે જોડાય તેવી અપેક્ષા છે. જો કે ટકાવારીના પ્રમાણમાં જોઈએ તો તે પ્રમાણ ખુબ ઓછું છે પરંતુ લોકોમાં જે રીતે જાગૃતિ આવી રહી છે તે પ્રમાણે તેનો વૃદ્ધિ દર ઉંચો રહેશે તે નક્કી છે.

તાજેતરમાં જન્માષ્ટમી નિમિત્તે યોજાયેલ શોભાયાત્રામાં પણ ગુજરાત રાજ્ય યોગ બોર્ડની અંકલેશ્વર જીઆઈડીસી શાખા તરફથી ભાગ લેવામાં આવ્યો હતો અને તેમાં યોગના વિવિધ આસનો અને વિધિઓનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જે લોકોના આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

ભારતના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ 27 સપ્ટેમ્બર, 2014ના રોજ સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UNGA)માં તેમના ભાષણમાં પ્રથમ વખત 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'નો વિચાર રજૂ કર્યો હતો. યુનાઈટેડ સ્ટેટ દ્વારા ૨૧ જૂને વિશ્વ યોગ દિવસ તરીકે જાહેર કર્યો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિઝનથી પ્રેરિત, ગુજરાત રાજ્ય યોગ બોર્ડ(GSYB) ની સ્થાપના 21 જૂન, 2019માં કરવામાં આવી હતી, જેનો મુખ્ય હેતુ યોગને આજની જીવનશૈલીનો એક ભાગ બનાવવાનો છે. ખૂબ જ ઓછા સમયગાળામાં, GSYBએ ગુજરાતભરમાં યોગના પ્રચારમાં અગ્રેસર રહી, તેના અગણિત લાભ સૌના સુધી પહોંચાડ્યા છે. 1,50,000થી વધુ યોગ પ્રશિક્ષકોને ખંતપૂર્વક પ્રશિક્ષણ અને યોગ શિક્ષણને અભ્યાસનો ભાગ બનાવી GSYBએ સમગ્ર રાજ્યમાં યોગનો મજબૂત પાયો તૈયાર કરી ગુજરાતને યોગ સંસ્કૃતિનું વાઈબ્રન્ટ હબ બનાવ્યું છે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડે તેની દીર્ઘદૃષ્ટિ અને અનોખા દૃષ્ટિકોણે યોગની લોકપ્રિયતામાં વધારો કર્યો છે. આ ઉપરાંત યોગને સ્વાસ્થ્ય અને સુખાકારીમાં વધારો કરનારા એક શક્તિશાળી માધ્યમ તરીકે સ્થાપિત કર્યું છે.

આપણી સંસ્કૃતિમાં આદિકાળથી ઋષિમુનિઓએ આપણા શરીર અને મનને સ્વસ્થ રાખવા માટે અનેક સંશોધનો કરીને યોગની પદ્ધતિ તૈયાર કરી છે. પરંતુ વચ્ચેના સમયમાં તે લોકવિમુખ થઈ ગઈ હતી. તેમજ તે ખુબજ અટપટી, અઘરી અને રહસ્યમય હોવાની ભ્રાંતિમાં અટવાઈ ગઈ હતી. પરંતુ બાબા રામદેવ દ્વારા તેને સરળ ભાષામાં સરળ રીતે પ્રસ્તુત કરીને લોકોને તે પ્રત્યે આકર્ષિત કર્યા. આર્ટ ઓફ લીવીંગના શ્રી શ્રી રવિશંકર મહારાજે પણ આ દિશામાં મોટું પ્રદાન આપ્યું છે. બીજી અનેક નાની મોટી સંસ્થોએ પણ આ અભિયાન ઉપાડી લીધું. તેનો વ્યવસ્થિત પ્રચાર દ્વારા જાગૃતિ લાવવાનું કાર્ય કર્યું

યોગ એટલે શરીરના વિવિધ અંગમરોડ દ્વારા કરવામાં આવતા આસનો તેવી લોકોની ભ્રાંતિ પણ તૂટી છે. યોગમાં યમ, નિયમ, આસન , પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ આમ આઠ પગથિયા છે. શરીર અને મન બંનેને સ્વસ્થ્ય રાખવાની કલા છે. યોગ પૂર્ણ વિજ્ઞાન છે. યોગ, હજારો વર્ષોથી ચાલી આવતી એક પ્રાચીનતમ પદ્ધતિ છે. જેની શરૂઆત ભારતમાં થઈ પરંતુ આજે વિશ્વભરમાં પ્રસરી રહ્યું છે. યોગ, દરેક વયના લોકોમાં શારીરિક અને માનસિક સ્વાસ્થ્યની સંભાળ માટેની એક લોકપ્રિય પદ્ધતિ તરીકે સ્વીકારાયું છે. યોગ મુખ્યત્વે શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટેનો એક અસરકારક અભિગમ છે, જેમાં અનેક શારીરિક મુદ્રાઓનો સમાવેશ થાય છે, જેને આસન કહેવાય છે, તેમાં આવતી શ્વસન ક્રિયાઓ અને ધ્યાન, યોગ કરનારને એક સંતુલિત અને સ્વસ્થ જીવનની અનુભૂતિ આપે છે.

અંકલેશ્વર નોટીફાઈડ રહેણાંક વિસ્તાર તેમજ તેની આસપાસના વિસ્તારમાં તે ખૂબ જ લોકપ્રિય સાબિત થઈ રહી છે. ખૂબ જ ટૂંકા ગાળામાં તેને તેની લોકપ્રિયતા હાંસલ કરી લીધી છે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના માર્ગદર્શન અને દેખરેખ નીચે અત્યારે અનેક જગ્યાએ યોગના નિઃશુલ્ક વર્ગો ચાલી રહ્યા છે.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા યોગ ટ્રેનરો તૈયાર કરવામાં આવે છે. તેમના દ્વારા ક્લાસ ચલાવવામાં આવે છે. નિર્ધારિત કરેલ યોગ પ્રણાલી મુજબ જ યોગ ક્લાસ ચલાવવામાં આવે છે. જેથી સમગ્ર રાજ્યમાં એકસૂત્રતા જળવાઈ રહે છે. યોગના અભિયાનને ઊંડાણના ગામડાઓ સુધી પહોંચાડવાનું અભિયાન ઉપાડવામાં આવ્યું છે. જેને સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ચલાવવામાં આવતા યોગ અભ્યાસક્રમો દ્વારા યોગની ઊંડાણ પૂર્વકની સમજ સાથે યોગ ટ્રેનર્સને તૈયાર કરવામાં આવે છે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના વિવિધ યોગ અભ્યાસક્રમ પ્રાચીન યોગના તત્ત્વજ્ઞાન પર આધારિત હોવાની સાથે આધુનિક વિજ્ઞાન અને સંશોધન પર પણ આધારિત છે. આ અભ્યાસક્રમના અંતે સહભાગીઓ પ્રમાણિત યોગ ટ્રેનર્સ બને છે. તેમને યોગ વર્ગ ચલાવવાની મંજૂરી અપાય છે. તેની ઉપર સતત દેખરેખ રખાય છે. સમયાંતરે તેમને અપડેટ પણ કરાય છે.


ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન તરીકે શીશપાલ રાજપૂત છે. તેમની આગેવાનીમાં સંસ્થા તેના ધ્યેય તરફ બહુ ઝડપથી આગળ વધી રહી છે.

લોકોમાં યોગ પ્રત્યે જાગૃતિ વધતા યોગ વર્ગની સાથે કેટલાક લોકો યોગ ટ્રેનરોને વ્યક્તિગત રીતે પણ બોલાવીને યોગનો લાભ લે છે. જે રોજગારી સર્જનનું બહુ મોટું માધ્યમ બની રહ્યું છે. યોગ ટ્રેનરો બીજા રાજ્યોમાં અને વિદેશમાં પણ યોગ વર્ગ ચલાવી તેનો પ્રચાર કરી રહ્યા છે.

એક સમય એવો હતો કે લોકોમાં આવી દ્રઢ માન્યતા ઘર કરી ગઈ હતી કે ડાયાબિટીસ જેવા રોગ એક વખત શરીરમાં આવી ગયા પછી તે જીવન પર્યન્ત શરીર સાથે રહે છે. તેનાથી છુટકારો મેળવી શકતો નથી. પરંતુ નિયમિત જરૂરી યોગાસનો અને પ્રાણાયામ કરવાથી આવા હઠીલા રોગોને પણ જડમૂળથી નાબૂદ કરી શકાય છે. યોગ દ્વારા આ કરી બતાવવામાં આવ્યું છે. લોકો સ્વસ્થ્ય જીવન જીવી શકે છે. આવી સફળતા મેળવવાવાળા અનેક ઉદાહરણો છે.એવું જ બીજા રોગોની બાબતમાં પણ છે. , હાઈપરટેન્શન, માઈગ્રેન, ડિપ્રેશન જેવા અનેક રોગોમાં યોગના નિયમિત અભ્યાસથી લાભ મળી રહ્યો છે.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડે અત્યાર સુધીમાં ૧.૫ લાખથી વધુ ટ્રેન્ડ યોગ ટ્રેનર્સ તૈયાર કર્યા છે. આ ટ્રેનર્સ માત્ર ગુજરાતમાં જ નહીં, પરંતુ દેશ-વિદેશમાં યોગ શિબિર, કોર્પોરેટ ટ્રેનિંગ, પર્સનલ કોચિંગ, ઓનલાઈન ક્લાસીસ વગેરે દ્વારા સારું આવક મેળવી રહ્યા છે.

૮૦૦થી વધુ યોગ કોચ રાજ્યભરમાં શાસકીય અને ખાનગી સ્તરે નિમણૂક પામી ચુક્યા છે. આ ૮૦૦ યોગ કોચ દ્વારા ગુજરાતભરમાં યોગ ટ્રેનર્સ તૈયાર કરવામાં આવ્યા છે, જે દ્વારા ૫૦૦૦ યોગ વર્ગો ચલાવવામાં આવે છે, જેમાંથી ૫ લાખથી વધુ લોકોનિ શુલ્ક યોગ કક્ષાનો લાભ લે છે. આ સાથે, ૧૦૦૦થી વધુ યોગ શિબિરો, 'યોગ સંવાદ', 'યોગ સ્નેહ મિલન' અને વિષય આધારિત વિશિષ્ટ કેમ્પો દ્વારા નવા રોજગારના દરવાજા ખૂલ્યા છે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડનુ ધ્યેય છે કે યોગને જીવનશૈલીનો અભિન્ન ભાગ બનાવવો અને રાજ્યના દરેક નાગરિક સુધી તેની અસરકારક પહોંચ સુનિશ્ચિત કરવી, રોજગારની તકો, આવકના સ્ત્રોત અને સ્વાસ્થ્યના લાભ -આ ત્રણેય ક્ષેત્રોમાં યોગ બોર્ડે જે મજબુત પાયા ઊભો કર્યો છે, તે ગુજરાતને સ્વસ્થ, સમૃદ્ધ અને આત્મનિર્ભર રાજ્ય બનવા માટે મજબૂત દિશા આપે છે.







M :- 098252 75080, 094277 06485

A-ONE CONSULTANTS

EXPLOSIVE CONSULTANTS & SOLVENT CONSULTANTS

Email :- aoneconsultant@yahoo.com  Web :- www.explosivelicenseconsultant.com


Contact For Following Licenses

(1) Methanol Consultant
(2) Ethanol Consultant
(3) Poison Licence
(4) Sulphur Licence
(5) Chlorate Licence
(6) Explosive Licence
(7) PESO Licence
(8) Solvent Consultant
(9) MSME Registration
(10) IEM from Delhi
(11) APP certificate From Gandhinagar (Annual Production Program from I.C. Office Gandhinagar for Ethanol)

We Provide Professional Services to aquiring PESO / Explosive Licence/ MA-1 & MA-2 Licence /Poison Licence/APP From Gandhinagar/ Methanol & Ethanol Licence / Sulphur Licence From Concern Dept.

-: Branch office :-
145, DREAMZ, A Buisness Park, At & Post. Vaillage Amadara, Dahej Bharuch High way, Bharuch (DIST-BHARUCH)
-: Registered office & Administration office :-
ADD.: 220, Panchratna Bldg, Char Rasta, G.I.D.C. VAPI - 396 195 (DIST-VALSAD)
Email : aoneconsultant@yahoo.com. Web : www.aoneconsultants.com. (M) 9825275080, 9427706485










# ભરૂચ જીલ્લાના વાલિયા ખાતે આન-બાન-શાન સાથે 79મા સ્વતંત્રતા પર્વની ઉજવણી કરાઈ

## ખમીરવંતી ભરૂચ જિલ્લાની પ્રજા અને દીર્ઘદ્રષ્ટીપૂર્ણ નેતૃત્વના સમન્વયથી ભરૂચ જિલ્લો આજે રાજ્યનું ગ્રોથ એન્જીન બન્યો- રાજ્યકક્ષાના મંત્રીશ્રી મુકેશભાઈ પટેલ

**ભરૂચ**

ભરૂચ જિલ્લામાં આધ્યાત્મિક તપોભૂમિ તરીકે ઓળખ ધરાવતાં વાલિયા ખાતે આવેલા સીતારામ સેવા ટ્રસ્ટના કમ્પાઉન્ટ ખાતેથી રાજ્યના વન અને પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ, જળસંપત્તિ અને પાણીપુરવઠા વિભાગ રાજ્યકક્ષાના મંત્રીશ્રી મુકેશભાઈ પટેલની ગરીમામય ઉપસ્થિતિમાં જિલ્લા કક્ષાના ધ્વજવંદન સમારોહની આન-બાન-શાન સાથે ગૌરવભેર ઉજવણી કરવામાં આવી હતી.

આ અવસરે ગણવેશધારી પોલીસ દળના જવાનોએ રાષ્ટ્રગીતની સૂરાવલીઓ વચ્ચે મંત્રીશ્રી મુકેશભાઈ પટલે રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. મંત્રીશ્રીએ પરેડનું નિરિક્ષણ કર્યું હતું. તેમાં જિલ્લા સમાહર્તા શ્રી ગૌરાંગ મકવાણા, પરેડ કમાન્ડર અને જિલ્લા પોલીસવડા શ્રી જોડાયા હતા.

રાજ્યકક્ષાના મંત્રીશ્રી મુકેશભાઈ પટેલે ૭૯માં સ્વાતંત્ય પર્વની ઉજવણીની સૌને હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. સ્વતંત્ર સંગ્રામમાં દેશ માટે આહુતિ આપનાર તમામ સ્વાતંત્ય વીરોને યાદ કરી શ્રધ્ધા સુમન અપર્ણ કર્યા હતા.

અધ્યક્ષસ્થાનેથી જિલ્લાવાસીઓને સંબોધતા કહ્યું કે, ઓપરેશન સિંદુરના પરાક્રમની વાત કરી હતી. આપણા જવાનોના આ અદમ્ય પરાક્રમ ઉપર દેશ ગૌરવની લાગણી અનુભવે તેમ ભારપૂર્વક જણાવ્યું હતું. ગુજરાતના પનોતા પુત્ર અને આદર્શ નેતા એવા પૂર્વ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીને યાદ કરી શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

તેમણે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં નવા સોપાનો સર કર્યાની ઝલક આપતા રાજ્યમાં આરોગ્ય, શિક્ષણ, ખેલ, કૃષિ વિકાસ, સહકાર, વન સંરક્ષણ, ઉદ્યોગ, પ્રવાસન, ઉજાક્ષેત્ર, ગ્રામ્યક્ષેત્રે થયેલી વિકાસગાથાની ઝાંખી કરાવી હતી.

ટ્રાયબલ વિસ્તારમાં ધરતી આંબા જન ઉત્કર્ષ અભિયાન અને જન કલ્યાણક્ષેત્રે સેવાસેતુના માધ્યમથી લોકોના પ્રશ્નનું સુખદ નિરાકરણ લાવવામાં આવ્યુ છે. આજે ખેડૂતો, મહિલાઓ વનબંધુઓ, યુવાનો તમામ લોકોને મુખ્યધારામાં લાવવાના સમુચિત પ્રયાસો થઈ રહ્યાં છે. ગુજરાત આજે વિકાસનું ગ્રોથ એન્જિન બની રહ્યું છે.

ભરૂચ જિલ્લાની વાત કરતા તેમણે ઉમેર્યું કે, ભરૂચ જિલ્લામાં કૃષિ, ઉદ્યોગ અને સેવા ત્રણેય ક્ષેત્રે સમતોલ વિકાસની અદભૂત કેડી કંડારાઈ છે. દેશના વિકાસ મંત્ર 'સૌના સાથ, સૌના વિકાસ'ને સાચા અર્થમાં ચરિતાર્થ કરીને, ભરૂચ જિલ્લાએ ગુજરાતના ઔદ્યોગિક નકશા પર એક અગ્રણી સ્થાન પ્રાપ્ત કર્યું છે.

જેના પ્રતિબિંબ વર્ણવતા ભાર પૂર્વક કહ્યું કે, ઔદ્યોગિક ક્ષેત્રે ભરૂચ જિલ્લો ગુજરાત અને ભારતમાં શિરમોર સ્થાન ધરાવે છે. ભારતના ફાર્માસ્યુટિકલ ઉદ્યોગને એક નવી દિશા આપતા ૨૦૦૦ એકરમાં રૂા.૨૫૦૬ કરોડના ખર્ચે નિર્માણ પામનારો બલ્કડ્રગ પાર્ક, દહેજમાં કાર્યરત દેશનો પ્રથમ પેટ્રોલિયમ, કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ ઈન્વેસ્ટમેન્ટ રિજન (PCPIR) પ્લાન્ટ, દરિયાના ખારા પાણીને શુદ્ધ કરીને ઉદ્યોગોની પાણીની જરૂરિયાત પુરી પાડતો ૧૦૦ એમએલડી ક્ષમતાનો ડિસેલિનેશન પ્લાન્ટ સાથે ભરૂચ જિલ્લા માટે સિમાચિન્હ સ્વરૂપ ભાડભૂત બેરેજ યોજના, વાલિયા ટ્રાયબલ ઔદ્યોગિક પાર્ક અને સી-ફૂડ પાર્ક જેવા મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સની પહેલથી જિલ્લાના વિકાસનું ચિત્ર બદલાયું છે. આ ઉદ્યોગો દેશના અનેક રાજ્યો સહિત આદિવાસી વિસ્તારોના યુવાઓ માટે ઘરઆંગણે રોજગારીના અવસરો પૂરા પાડી રહ્યા છે. ત્યારે ખમીરવંતી ભરૂચ જિલ્લાની પ્રજા અને દીર્ધદ્રષ્ટીપૂર્ણ નેતૃત્વના સમન્વયથી ભરૂચ જિલ્લો આજે રાજ્યનું ગ્રોથ એન્જીન બન્યો છે.

'એક પેડ મા કે નામ ૨.૦' અભિયાનને ભરૂચમાં વ્યાપક પ્રતિસાદ મળ્યો છે. જેના થકી ડહેલી ખાતે એક સાથે ૧૦ હજારથી વધારે વૃક્ષોનું વાવેતર કરાયું હતું. ગ્રીન ગુજરાતની પરિકલ્પના સાકાર કરવા જિલ્લાને હરિયાળો બનાવવા ૨૧ હેક્ટરમાં ૧૦ કવચ વન વિકસાવવામાં આવી રહ્યા છે. તેમજ ઉપસ્થિત તમામને પોતાની માતાની યાદમાં કે પ્રિય વ્યકિતના માનમાં એક વૃક્ષ વાવીને તેનો ઉછેર કરવાની હીમાયત કરી હતી.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, સુજલામ-સુફલામ યોજના દ્વારા જળસંચય ક્ષેત્રે ગુજરાતમાં ભરૂચ જિલ્લાએ ઉત્કૃષ્ટ કામગીરી કરી છે. જળાશયના તળ ઉંચા લાવવા, જળસંચય અને 'કેચ ધ રેઈન' જેવા અભિયાનના પરિણામે વોટર મેનેજમેન્ટ ઈન્ડેક્સમાં આપણે અગ્રણી ક્રમે રહ્યા છીએ.

ધ્વજવંદન બાદ શાળાના બાળકોએ રંગારંગ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અંતર્ગત ગરબા, ગીત, અને યોગ કરતબનું નિદર્શન અને પ્રસ્તુતિ રજૂ કરી હતી. આ તકે જિલ્લા સમાહર્તાની આગેવાનીમાં જિલ્લા સંકલન સમિતિ તરફથી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડવા તમામ કૃતિઓને પ્રોત્સાહન ઈનામની જાહેરાત કરવામાં આવી હતી.


કાર્યક્રમના અંતે, જિલ્લામાં નોંધપાત્ર સિધ્ધી મેળનાર રમતવીરો, પર્યાવરણ પ્રેમીઓ, રમતગમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન કરનારા ખેલાડીઓ, પોલીસ કર્મીઓ, જિલ્લાના શ્રેષ્ઠીઓ તેમજ શ્રેષ્ઠ કામગીરી કરનાર અધિકારીઓ અને કર્મચારીઓનું પણ સન્માન તથા અભિવાદન કરવામાં આવ્યું હતુ.

આ પ્રસંગે, વાલીયા તાલુકા વિસ્તારના વિકાસ માટે ૨૫ લાખનો ચેક કલેક્ટરશ્રીએ તાલુકા વિકાસ અધિકારીશ્રીને અર્પણ કર્યો હતો. કાર્યક્રમને અંતે એક પેડ માં કે નામ ૨.૦ ની વિભાવનાને પ્રસ્થાપિત કરવા ઉપસ્થિત મહાનુભાવોએ પટાંગણમાં વૃક્ષારોપણ કર્યું હતું. આ સ્વાતંત્ય પર્વની ઉજવણી નિમિત્તે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી મહેન્દ્રસિંહ વાંસદીયા, સાંસદસભ્ય શ્રી મનસુખભાઈ વસાવા, ધારાસભ્ય સર્વેશ્રીઓ અરૂણસિંહ રણા, રિતેશ વસાવા, ડી.કે. સ્વામી અને તાલુકા પંચાયત પ્રમુખશ્રી વાલિયા, અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી શ્રી યોગેશ કાપશે, પ્રાયોજના વહીવટદાર શ્રી સુ.શ્રી. નિશા, નિવાસી અધિક કલેકટર શ્રી એન. આર. ધાંધલ, વાલીયા ગામના સરપંચશ્રી, તાલુકા અને જિલ્લાના પધાધિકારીઓ, જિલ્લા આગેવાનશ્રી, જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ, શાળાના બાળકો અને મોટી સંખ્યામાં વાલીયાના નગરજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ પર્યાવરણીય નુકસાન માટે દંડ કરી શકે: સુપ્રીમ

**નવીદિલ્હી,**

સુપ્રીમ કોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદામાં પર્યાવરણીય નુકસાન બદલ નાણાકીય પેનલ્ટી લાદવાની પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની સત્તાને બંધારણીય અને કાયદેસર ગણાવી છે. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે પર્યાવરણને થયેલ નુકસાન કે ભાવિ નુકસાન બદલ બોર્ડ પેનલ્ટી વસૂલ કરી શકે છે. કોર્ટે સ્પષ્ટતા કરી હતી કે પર્યાવરણના સંરક્ષણ માટે માત્ર સજા આપવી પૂરતી નથી, પરંતુ વળતર અને નિવારણના પગલાં પણ જરૂરી છે.



ન્યાયાધીશ પીએસ નરસિંહા અને મનોજ મિશ્રા ની બનેલી ખંડપીઠે તેના ચુકાદામાં જણાવ્યું હતું કે વોટર એક્ટ અને એર એક્ટ ની જોગવાઈઓ હેઠળ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને બંધારણીય અને કાયદાકીય રીતે વાસ્તવિક અથવા સંભવિત પર્યાવરણીય નુકસાન માટે નુકસાન વસૂલવાનો અધિકાર છે. ભારતમાં પર્યાવરણીય કાયદા ના સિદ્ધાંતોની વિચારણા કર્યા પછી અમે માનીએ છીએ કે પર્યાવરણ નિયંત્રણ બોર્ડ વોટર અને એર ધારા હેઠળની સત્તાનો ઉપયોગ કરીને પર્યાવરણ ને થયેલ નુકસાન બદલ નાણાકીય પેનલ્ટી લાદી શકે છે અને તેને વસૂલ કરી શકે છે. તે પર્યાવરણને ભાવિ નુકસાનને અટકાવવા ના પગલાં તરીકે બેન્ક ગેરેંટી પણ માગી શકે છે. આ સત્તાઓ વોટર અને એર એક્ટની કલમ 33A અને 31A હેઠળ સશક્તિકરણ માટેની આનુષંગિક અને સહાયક સ્વરૂપની છે.આવું નુકસાન ભરપાઈ ફોજદારી દંડ થી અલગ છે, કારણ કે તે દીવાની સ્વરૂપનું છે.

સર્વોચ્ચ અદાલતે 2012ના દિલ્હી હાઈકોર્ટના ચુકાદાને રદ કર્યો હતો. દિલ્હી હાઈકોર્ટે તેના ચુકાદામાં પર્યાવરણીય નુકસાનની માંગણી કરવા માટે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની સત્તા માં ઘટાડો કર્યો હતો.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

બેંન્કિંગ અને નાણાકીય સેવાઓ માટે 3 મહિનાનું
જનસુરક્ષા સંતૃપ્તિ અભિયાન
તા. ૦૧.૦૭.૨૦૨૫ થી તા. ૩૦.૯.૨૦૨૫
નાણાકીય સમાવેશન તરફ અગ્રેસર ગુજરાત



રાજ્યની ૧૪,૬૧૦ ગ્રામ પંચાયતો અને શહેરી સ્થાનિક સંસ્થાઓમાં આયોજિત અભિયાનનો લાભ મેળવો

પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના
₹ ૪૩૬ના વાર્ષિક પ્રીમિયમમાં
₹ ૨ લાખનો જીવન વીમો

પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના
₹ ૨૦ના વાર્ષિક પ્રીમિયમમાં
₹ ૨ લાખનો દુર્ઘટના વીમો

અટલ પેન્શન યોજના
ભારત સરકારની ગેરેન્ટેડ પેન્શન યોજના
દર મહિને લઘુત્તમ ગેરેન્ટેડ પેન્શન ₹ ૧,૦૦૦-૫૦૦૦ વચ્ચે રહેશે
વીમાધારકના મૃત્યુબાદ વારસદારને લઘુત્તમ ગેરેન્ટેડ પેન્શન મળશે

પ્રધાનમંત્રી જનધન યોજના હેઠળ ખાતું ખોલાવો

ડિજિટલ છેતરપિંડી નિવારણ, દાવા વગરની થાપણો પર યોજાનાર જાગૃતિ સત્રમાં જોડાવો અને જાણકારી મેળવો

KYC તેમજ વારસદારોની નોંધણી બાકી હોય તો અવશ્ય કરાવો

જન સુરક્ષા સેવાઓ હેઠળ નોંધણી કરાવો
બચત ખાતું ન હોય તો આજે જ ખોલાવો

દરેક નાગરિકને બેન્કિંગ અને નાણાકીય સેવાઓ મળી રહે તે માટે સરકાર પ્રતિબદ્ધ

બેંક તમારા ઘર આંગણે
વધુ માહિતી માટે બેંક શાખા/બેંક મિત્ર/ ગ્રામ કોમ્પ્યુટર સાહસિક (વી.સી.ઈ.)નો સંપર્ક કરો

# લઘુ ઉદ્યોગ ભારતી-ભરૂચ જિલ્લા અને જિલ્લાની વિવિધ ઈકાઈની વર્ષ ૨૦૨૫-૨૭માટે નવી કમિટીઓની રચના કરાઈ









**અંકલેશ્વર**

તારીખ ૪ મી ઓગસ્ટે લઘુ ઉદ્યોગ ભારતીના અખિલ ભારતીય તત્કાલીન અધ્યક્ષ તેમજ પ્રભારી (ગુજરાત,રાજસ્થાન,મહારાષ્ટ્ર તેમજ ગોવા) બળદેવભાઈ પ્રજાપતિની ઉપસ્થિતિમાં લઘુ ઉદ્યોગ ભારતી - ભરૂચ જિલ્લાની બેઠક યોજાઈ ગઈ. જેમાં લઘુ ઉદ્યોગ ભારતી - ભરૂચ જિલ્લા તેમજ જિલ્લાની વિવિધ ઈકાઈની નવી ટીમોની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી.

જેમાં લઘુ ઉદ્યોગ ભારતી- ભરૂચ જિલ્લા વર્ષ ૨૦૨૫-૨૦૨૭ના પ્રમુખ તરીકે રમેશભાઈ ચોડવડીયાની સર્વાનુમતે નિમણૂંક કરવામાં આવી છે. તેમજ મહામંત્રી તરીકે વિશિતભાઈ પટેલ તેમજ ખજાનચી તરીકે દિપકભાઈ પટેલની નિમણૂંક કરવામાં આવી છે. આ સાથે કમિટી સભ્યોની પણ નિમણૂંક કરવામાં આવી છે.

જયારે અંકલેશ્વર ઈકાઈના પ્રમુખ તરીકે કિશોરભાઈ કાછડીયા, મહામંત્રી તરીકે પિયુષભાઈ બુદ્ધદેવ અને ખજાનચી તરીકે ભાર્ગવભાઈ પરમારની નિમણૂંક કરવામાં આવી છે. આ સાથે કમિટી સભ્યોની પણ નિમણૂંક કરવામાં આવી છે.

ઝઘડિયા ઈકાઈના વર્ષ ૨૦૨૫-૨૭ના પ્રમુખ તરીકે ગૌરાંગભાઈ ગેડીયા, મહામંત્રી દિલીપભાઈ પટેલ અને ખજાનચી તરીકે નયનભાઈ મહેતાની નિમણુંક કરવામાં આવી છે.

દહેજ ઈકાઈના વર્ષ ૨૦૨૫-૨૭ના પ્રમુખ તરીકે મહેન્દ્રસિંહ રાણા, મહામંત્રી દીપકભાઈ પટેલ અને ખજાનચી તરીકે દિલીપભાઈ ડોંડાની નિમણુંક કરવામાં આવી છે.

પાનોલી ઈકાઈના વર્ષ ૨૦૨૫-૨૭ના પ્રમુખ તરીકે આશિષભાઈ ગજેરા, મહામંત્રી નીતિનભાઈ બાંગોરિયા અને ખજાનચી તરીકે ડૉ. સુભાષભાઈ વાઘાનીની નિમણુંક કરવામાં આવી છે.

સાયખા ઈકાઈના વર્ષ ૨૦૨૫-૨૭ના પ્રમુખ તરીકે હરેશભાઈ પટેલ, મહામંત્રી ડૉ. નિકુલભાઈ પટેલ અને ખજાનચી તરીકે સંતોષભાઈ મિશ્રા નિમણુંક કરવામાં આવી છે. આ સાથે અંકલેશ્વર એસોસિયેશન ના નવ નિયુક્ત પ્રમુખ વિમલભાઈ જેઠવા તેમજ મહામંત્રી નીલેશભાઈ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. જેમનું લઘુ ઉદ્યોગ ભારતી - ભરૂચ જિલ્લા તરફ થી સન્માન કરવામાં આવ્યું. આ ઉપરાંત ગુજરાત પ્રદેશના વાઈસ પ્રેસિડન્ટ તરીકે ઉર્વેશભાઈ પટેલ, ગુજરાત પ્રદેશના સહમંત્રી તરીકે કમલેશભાઈ ગામી, લઘુ ઉદ્યોગ ભારતી કર્ણાવતી સંભાગના વાઈસ પ્રેસિડન્ટ તરીકે વાલમજીભાઈ દેસાઈ અને કર્ણાવતી સંભાગના જોઈન્ટ સેક્રેટરી તરીકે જીતેશભાઈ પટેલની વરણી કરવામાં આવી છે.

## અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનની વિવિધ કમિટીઓની રચના કરવામાં આવી

| | Sub Committee | Chairman's Name | Mob. Number |
|---|---|---|---|
| 01 | AIA Expo & Government Liaison & Digital Committee: | Yogesh R. Patel | 9428886668 |
| 02 | Business Promotion & Foreign Trade Committee | Atul B. Patel | 9377962666 |
| 03 | Centre for Excellence Committee | Vimal K. Patel | 9824141142 |
| 04 | Corporate Sector Coordination Committee | P.R. Rao | 9377510056 |
| 05 | DGVCL Committee | Chandulal B. Akbari | 9426120205 |
| 06 | Environment Liaison & Monitoring & NCT Technical Committee | Valmaji H. Desai | 9925013003 |
| 07 | GIDC Committee | Hasmukh J Patel | 9825031253 |
| 08 | Green Belt & Rainwater Harvesting Committee | Bhupendra S. Patel | 9824150066 |
| 09 | Infrastructure Maintenance Committee - Housing & Drainage | Kamlesh N. Gadhiya | 9377706310 |
| 10 | Infrastructure Maintenance Committee -Industrial & Drainage | Bharat D. Patel | 9825626350 |
| 11 | Project Planning Committee | Vimalkant R Jethva | 9824121715 |
| 12 | Safety & Security Committee | Denish P. Bhut | 9825237050 |
| 13 | Social Welfare Committee | Bhupendra S. Patel | 9824150066 |
| 14 | Water Supply Committee | Narendra A Jinjala | 9825660155 |


T. R. ASSOCIATES
T. R. ASSOCIATES AND ENVIRONMENT PVT. PTD.
Formerly Known as (T.R. ASSOCIATES)
Environment Consultant (NABET Consulant)
Environmental Clearance (MoEF & CC/SEAC)
Environmental Impact Assessment Report Preparation
NABL Approved Testing Laboratory (Air/Water/Soil/Noise)
T. R. Patel (Director) +91 98253 71099
Malav Dalwadi (CEO) +91 97231 37312
E-mail: adm.trassociates@gmail.com
A-401, S.G. Business Hub, Between Sola Bhagwat & Gota Overbridge, S.G. Highway, Ahmedabad

PERFECT SCALE SINCE - 1988
Govt. Approved
PERFECT SCALE
SALES & SERVICE
AN ISO 9001 : 2015 CERTIFIED COMPANY
One Stop Solution for All Types of Electronic Balances & Weighing Automation
12, Bhavesh Shopping Centre, Behind Hotel Royal Palace, Near Railway Station, GIDC, Ankleshwar - 393 002.
Ph. : 02646 253759 • M. : 98241 12531 • Email : sales@perfectscale.in, perfect.scale@yahoo.com • Web : www.perfectscale.in

YATHARTH
YATHARTH REFRACTORY LINING WORKS
ALL TYPE OF REFRACTORY WORK & ACID PROOF BRICK/ TILE LINING CONTRACTOR AND SUPPLIER
Supplier: Refractory Fire Bricks/ Blocks/ Tiles, Castable, Mortar, Acid Proof Mortar & Ceramic Blanket Module
Service Provider: Refractory Work, Acid Proof Brick/Tiles Lining Work, Castable work, Insulation Brick Lining, Mastic Work Boiler Refractory Work
Address: Shop No: 22, Dharmnandan Building, Rajpipla Road, Near Santinagar 2, Ankleshwar-393001, Dist: Bharuch (Gujarat).
Mr. Sunil Chauhan +91 89057 88945 +91 99259 77497
yatharthrlw@gmail.com | www.yatharthrlw.com
THERMAX (Vender)

SOUTH INDIA ROADWAYS ANK.
KAUSHIK PACKERS & MOVERS
TRANSPORT CONTRACTOR & COMMISSION AGENT
Add: R-15, Bhavana Farm, Rajpipla Road, Ankleshwar- 393 002
E-mail: kaushik.vapi@gmail.com, Web: www.kaushikpackersandmovers.in
Customer Care: 02646 312288
98244 21113 93779 61211
98245 02113 93740 26633
SERVICE
TRANSPORTATION, PACKING, UNPACKING, LOADING, UNLOADING, INSURANCE, LOCAL SHIFTING, OFFICE SHIFTING, CAR CARRIER & ESCORT FACILITY ALL OVER INDIA
DOOR TO DOOR SERVICE
Specialist for: 20,32,40,feet Container Auto Carriers & ODC Suppliers for all over India

Munna Sing, Mob: 98244 86716
Manish singh, Mob: 98244 18777
FIDICON DEVICES INDIA PVT. LTD.
Manufacturer, Exporter & Service Provider of Process Control, Measuring Instrument & Safety Equipment
Plot No. 1706/12, Nr. Rajvi Cinema, GIDC., Ankleshwar - 393 002 | Phone : 02646 - 222238 | Fax : 02646 - 223412
E-mail : sales@fidicondevices.com / fidicondevices@yahoo.com | Website : www.fidicondevices.com

ISO 9001:2015 CERTIFIED
Subhashchandra S. Rathour (Director) 98241 48450
ISO:9001:2015 Certified Company SINCE - 1998
REAL SCIENTIFIC INDUSTRIES
SUPPLIERS & REPAIRERS FOR GLASS PLANTS SYSTEMS & EQUIPMENTS
PLOT NO: 4107, NR. CRYSTAL CHOWKADI, G.I.D.C. ANKLESHWAR-393 002, DIST: BHARUCH
OFFICE PH. :02646-222761, MOB: 9824148450-9824423450 - 9904476131
E-mail : sales@realglassware.com & realglassware@gmail.com

FAIR TRADERS
CHASING EXCELLENCE, DELIVERING VALUE
G-8, Ground Floor, Asian Trade Centre, Asian Paint Chowkdi, GIDC, Ankleshwar- 393 002, Gujarat (India)
E-mail: fairtraders_ank@yahoo.co.in
Mob: +91 90335 77707
Mob: +91 98241 11510
Authorised Dealer: SPITMAAN® Champion Jointing Pvt. Ltd. Sealflex™ Jointing Sheet
• Asbestos & Non Asbestos Gasket & Sheet • Spiral Wound Gasket • Teflon Products
• All Type of Packing • Expanded PTFE Products • PVC Gasket



માલિક : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ દ્વારા મુદ્રિત, પ્રકાશિત તેમજ સંપાદિત તથા ઈંકપોટ પબ્લિકેશન્સ પ્રાઈવેટ લીમીટેડ, ૫૩૦-૫૩૩, નરસિંહ એસ્ટેટ, લુબી જેલ એલ.એલ.પી. ની સામે , બસ સ્ટેન્ડની નજીક, ગામઃ મંજુસર, તાલુકોઃ સાવલી, જિલ્લોઃ વડોદરા, ગુજરાત -૩૯૧૭૭૫ ખાતે મુદ્રિત કરી ઓમકાર-૨ કોમ્પ્લેક્સ, ટી.એફ.-૬૬, ત્રીજો માળ, લોર્ડ્સ પ્લાઝા હોટેલ નજીક, સ્ટેશન રોડ, જી.આઈ.ડી.સી.,અંકલેશ્વર, જિલ્લો : ભરૂચ , રાજ્ય :ગુજરાત -૩૯૩૦૦૨ ખાતેથી પ્રકાશિત કર્યું.
તંત્રીઃ જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ / EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
PRINTED, PUBLISHED, OWNED & EDITED BY JITENDRAKUMAR BABALBHAI PATEL AND PRINTED AT INKPOT PUBLICATIONS PRIVATE LIMITED, 530-533, NARSINH ESTATE, OPP. LUBI GEL LLP, NEAR BUS STAND,VILLAGE: MANJUSAR, TALUKA: SAVLI, DIST: VADODARA, GUJARAT-391775 AND PUBLISHED AT OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR, DIST: BHARUCH, STATE: GUJARAT-393002